ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેન્કસ ફેડરેશન

કો.ઓપરેટીવ બેન્કસ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ – 380009.

ક્રમાંક: જીયુસીબીએફ/51/385 તા:10/12/2025

<u>તમામ અર્બન કો. ઓપરેટીવ બેન્કો</u>

Reserve Bank of India (Urban Co-operative Banks – Licensing, Scheduling and Regulatory Classification) Guidelines, 2025 પરીપત્ર તરફથી તા. 04/12/2025 ના પરિપત્ર ગુજરાતી અનુવાદ આ સાથે મોકલીએ છીએ. વધુ સ્પષ્ટ અર્થઘટન માટે અંગ્રેજી પરિપત્ર નો આધાર લેવો. આ પરિપત્ર ફેડરેશનની વેબસાઇટ www.gujfed.com ઉપર Circular In Gujarati Menu માં મૂકવામાં આવેલ છે

આપનો વિશ્વાસુ

(જે.વી.શાહ)

ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

-

RBI/DOR/2025-26/120 04 ડિસેમ્બર, 2025

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(અર્બન કો-ઓપરેટિવ બેંક્સ – લાઇસન્સિંગ, શેડ્યુલિંગ અને રેગ્યુલેટરી વર્ગીકરણ) રદ માર્ગદર્શિકા, 2025

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા આથી સુચિત કરે છે કે જાહેર હિતમાં આવું કરવું જરૂરી અને યોગ્ય હોવાનું સંતોષ થાય છે, અને તેથી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (અર્બન કો-ઓપરેટિવ બેંક્સ – લાઇસન્સિંગ, શેડ્યુલિંગ અને રેગ્યુલેટરી વર્ગીકરણ) માર્ગદર્શિકા, 2025 (RBI/DOR/2025-26/269) તારીખ 28 નવેમ્બર, 2025ને રદ કરી આ માર્ગદર્શિકાને હવે 04 ડિસેમ્બર, 2025ના રોજ જારી કરવામાં આવેલી નવી માર્ગદર્શિકા દ્વારા બદલી દેવામાં આવી છે.

---

2. રદ્દ થવા છતાં લાગુ પડતી જોગવાઈઓ આ માર્ગદર્શિકા રદ્દ થયા બાદ પણ, રદ્દ કરવામાં આવેલી માર્ગદર્શિકાઓ હેઠળ લીધેલી કોઈ પણ કાર્યવાહી, અથવા કરવામાં આવેલી/શરૂ કરવામાં આવેલી કોઈ કાર્યવાહી તે જ જૂની માર્ગદર્શિકાઓ મુજબ માન્ય રહેશે.

(1) કોઈ પણ અધિકાર, જવાબદારી અથવા બાધ્યતા જે અગાઉ હાસિલ અથવા અમલમાં આવી હોય, તે પર કોઈ અસર નહીં થાય.

(2) કોઈ પણ દંડ, જપ્તી અથવા સજા જે રદ્દ થયેલી માર્ગદર્શિકાઓના ભંગ બદલ લાગૂ પડતી હોય, તે બદલાશે નહીં.

(3) ચાલી રહેલી કોઈ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપચાર (Remedy) તે જૂની માર્ગદર્શિકાઓ રદ્દ ન થઈ હોય તેમ સમજીને જરૂરી હોય તો દંડ/સજા પણ લાગૂ કરી શકાશે.

---

(મનોઝંજન પઢી)
ચીફ જનરલ મેનેજર

RBI/DOR/2025-26/120 December 04, 2025

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(અર્બન કો-ઓપરેટિવ બેંક્સ – લાઇસેન્સિંગ, શેડ્યુલિંગ અને નિયમનકારી વર્ગીકરણ) માર્ગદર્શિકા, 2025

A. અર્બન કો-ઓપરેટિવ બેંકો (UCBs)નું લાઇસેન્સિંગ

1. નવી અર્બન કો-ઓપરેટિવ બેંકો સ્થાપવા માટેનાં પ્રસ્તાવો અથવા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓને UCB તરીકે પરિવર્તિત કરવાની અરજીઓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા હાલમાં સ્વીકારતી નથી.

આ સંદર્ભમાં, અર્બન કો-ઓપરેટિવ બેંકોનો અર્થ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 5(ccv) ને કલમ 56 સાથે વાંચવામાં આવે એવી વ્યાખ્યા મુજબનાં પ્રાથમિક કો-ઓપરેટિવ બેંકો (Primary Co-operative Banks) થાય છે.

B. નિયમનકારી હેતુઓ માટે UCBsનું વર્ગીકરણ

2. અર્બન કો-ઓપરેટિવ ક્ષેત્રમાં વિવિધતાઓ (heterogeneity) હોવાને કારણે, રિઝર્વ બેંકે ચાર સ્તરવાળી (four-tiered) નિયમનકારી રચના અપનાવી છે. આનો હેતુ નાના કદની અને સીમિત કાર્યક્ષેત્ર ધરાવતી બેંકોમાં રહેલી પરસ્પરતા અને સહકારની ભાવનાને જાળવી રાખવા સાથે, મોટા કદની UCBsની વૃદ્ધિ, વિસ્તરણ અને વધુ જટિલ બેંકિંગ પ્રવૃત્તિઓ કરવાની ક્ષમતા વચ્ચે સંતુલન લાવવાનો છે.તે મુજબ, નિયમનકારી હેતુઓ માટે UCBsને નીચે મુજબ ચાર વર્ગોમાં વહેંચવામાં આવે છે:

(1) Tier 1: - તમામ યુનિટ UCBs અને તમામ સેલરી અર્નર્સ' UCBs (ડીપોઝીટની રકમ કેટલી પણ હોય), અને એ તમામ UCBs જેઓના ડિપોઝિટ ₹100 કરોડ સુધી છે.

(2) Tier 2: - એવી UCBs જેઓના ડિપોઝિટ ₹100 કરોડથી વધુ અને ₹1000 કરોડ સુધી છે.

(3) Tier 3: - એવી UCBs જેઓના ડિપોઝિટ ₹1000 કરોડથી વધુ અને ₹10,000 કરોડ સુધી છે.

(4) Tier 4: - એવી UCBs જેઓના ડિપોઝિટ ₹10,000 કરોડથી વધુ છે.

3. ઉપરોક્ત તમામ વર્ગીકરણ ગણતરી માટે, તત્કાલ પૂર્વવર્તી નાણાકીય વર્ષના 31 માર્ચની ઓડિટેડ બેલેન્સ શીટ મુજબની ડીપોઝીટની રકમ માન્ય ગણાશે.

---

4. જો કોઈ UCBના ડિપોઝિટમાં વૃદ્ધિ થવાને કારણે તેઓ કોઈ પણ વર્ષમાં ઉપરના Tierમાં જતા હોય, તો તેઓને એ ઊંચા Tierના વધારાના નિયમનકારી માપદંડોનું પાલન કરવા માટે અધિકતમ બે વર્ષની મુદત (જે વર્ષમાં ડીપોઝીટની નિયત લીમીટ ક્રોસ કરી તે નાણાકીય વર્ષ અને તે પછીનું એક નાણાકીય વર્ષનો સમાવેશ થાય છે) glide path તરીકે આપવામાં આવશે.

C. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, 1934ની સેકન્ડ શેડ્યૂલમાં સમાવેશ માટેના માપદંડ

5. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, 1934ની કલમ 42(6)(a) મુજબ, અને ભારત સરકારે તારીખ 04 સપ્ટેમ્બર, 2023ના રોજ બહાર પાડેલી સૂચના F.No.3/16/2023-AC (જે 23 સપ્ટેમ્બર, 2023ના ભારતના ગેઝેટમાં પ્રકાશિત થઈ છે) મુજબ, લાઇસન્સ ધરાવતી UCBs (Salary Earners’ Banks સિવાયની) નીચે મુજબની શરતો પૂર્ણ કરતી હોય તો, રિઝર્વ બેંકના સંબંધિત પ્રાદેશિક કચેરી (Regional Office) પાસે સેકન્ડ શેડ્યૂલમાં સમાવેશ માટે અરજી કરી શકે:

(1) બેંક દ્વારા સતત બે વર્ષ માટે Tier-3 UCB તરીકે વર્ગીકરણ માટે જરૂરી ન્યૂનતમ ડિપોઝિટ જાળવી રાખવામાં આવી હોય;
(2) બેંકનો CRAR તેની પર લાગુ પડતી ન્યૂનતમ CRAR જરૂરિયાત કરતાં ઓછામાં ઓછો 3% વધારે હોય;
(3) બેંક સામે કોઈ મહત્ત્વની નિયમનકારી અથવા દેખરેખ (Supervisory Concerns) સંબંધિત કોઈ બાબત ન હોવી જોઈએ.

6. ઉપરોક્ત માહિતી RBIની ઇન્સ્પેક્શન રિપોર્ટમાં દર્શાવેલા મૂલ્યાંકન અથવા ઓડિટેડ નાણાકીય હિસાબો બેમાંથી જે લેટેસ્ટ હોય તે પર આધારિત રહેશે. યોગ્યતા ધરાવતી UCBએ પોતાની અરજી સાથે નીચેના દસ્તાવેજો રજૂ કરવા જરૂરી હશે.

---

(1) વાર્ષિક સામાન્ય સભા (Annual General Body) અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા પસાર કરેલા પ્રસ્તાવ (Resolution)ની નકલ,
જેમાં નીચેની બાબતોનો ઉલ્લેખ હોય:

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, 1934ની સેકન્ડ શેડ્યૂલમાં સમાવેશ માટે અરજી કરવાની મંજૂરી, અને RBIને દરખાસ્ત (Application) કરવી અને
- આ પ્રક્રિયામાં RBI સાથે પત્રવ્યવહાર કરવા અધિકૃત કરાયેલા બેંક અધિકારીઓના નામ.

---

(2) બેંકની મુખ્ય નાણાકીય માહિતી, તેમજ છેલ્લા ત્રણ વર્ષના પ્રકાશિત બેલેન્સ શીટની નકલો.